# એડવાઈજરી

## ઇનકમ ટેક્સ ડિપાર્ટમેંટ ના નામ થી આવતા ખોટા સંદેશ થી સાવધ રહો

- ·દુષ્કર્મીઓ કથિત રીતે ઇનકમ ટેક્સ ડિપાર્ટમેંટ ના નામે ખોટા અને કપટપૂર્ણ સંદેશાઓ છેતરપિંડી વાળી (Phishing)લિન્ક સાથે મોકલે છે અને રિફંડ પ્રાપ્ત કરવા માટે બેંક ખાતા ની ચકાસણી હેતુ છેતરપિંડી વાળી લિન્ક પર ક્લિક કરવાનું કહે છે.
- આવા ખોટા સંદેશાઓ માં એક લિન્ક હોય છે જે વપરાશકર્તાઓને એક વેબપેજ તરફ દોરી જાય છે જે ઇનકમ ટેક્સ ની ઈ-ફાઇલિંગ વેબપેજ જેવીજ હોય છે અથવા કૌભાંડીઓ દ્વારા પ્રેષિત છેતરપિંડી વાળી લિન્ક પર ક્લિક કરવાથી વપરાશકર્તા ને સંવેદનશીલ સૂચના જેવી કે વપરાશકર્તાનું નામ, પાસવર્ડ, ક્રેડિટ કાર્ડ ની વિગતો વિગેરે પ્રસ્તુત કરવા માટે કહેવામા આવે છે.




## <u>આવા એસએમએસ મળ્યા પછી શું કરાય ?</u>

જો તમને આવા ઈમેલ અથવા એસએમએસ મળે જે કથિતઇનકમ ટેક્સ ડિપાર્ટમેંટ તરફથી મોકલ્યાનો દાવો કર્તા હોય, તો તમારેસીધી રીતે આનું જવાબ ક્યારેય આપવાનું નથી.

કોઈ પણ સંલગ્નક (Attachment) ને ખોલતા પહેલા (ક્લિક) અત્યંત સાવચેત રહેવું કેમ કે આવા સંલગ્નક દૂષિત કોડ ધરાવતા હોય છે જે તમારા કમ્પ્યુટર કે મોબાઇલ ફોને ને ચેપ લગાડી શકે છે.

ઈમેલ કે એસએમએસ દ્વારા પ્રેષિત કોઈ પણ લિન્ક પર ક્લિક કરતાં પહેલા અત્યંત સાવધ રહેવું અને તમારી કોઈ પણ ગોપનીય સૂચના જેવી કે બેન્ક ખાતાની અને ક્રેડિટ કાર્ડ ની વિગતોની કોઈ ને પણ જાણ કરવી નહિં.

ટેક્સ રિફંડ સ્થિતિ ની ચકાસણી કરવાનું શ્રેષ્ઠ વિકલ્પ છે – ઇનકમ ટેક્સ ઈ-ફાઇલિંગ વેબસાઇટ પર લૉગ-ઇન કરવું.